# સર્વિસથી કંટાળી બિઝનેસમેને ગધેડા પાસે ૬૦ લાખની મર્સિડિઝ ખેંચાવી




વડોદરા, તા.૨૦

નવી નક્કોર મર્સિડીઝ બગડ્યા બાદ સર્વિસ નહી મળતાવડોદરાના બિઝનેસમેન કુમુદ પટેલ આજે જ્યારે શહેરના માર્ગો પર તેની રૂા. ૬૦ લાખની વૈભવી કાર મર્સિડીઝ ઇ ક્લાસ લઇને નીકળ્યા ત્યારે લોકો એટલા માટે અચંબામાં પડી ગયા કે મર્સિડીઝને ૬ ગધેડાઓ ખેંચી રહ્યા હતા. હકીકતે નવી નક્કોર મર્સિડીઝ વારંવાર બગડ્યા બાદ પણ કંપની દ્વારા તેનું યોગ્ય નિરાકરણ લાવવામાં નહી આવતા બિઝનેસમેને પોતાનો વિરોધ વ્યક્ત કરવા આ નવી યુક્તિનો પ્રયોગ કર્યો હતો. શહેરના માર્ગો પર ભવ્ય મર્સિડીઝને ૬ ગધેડાઓ ખેંચી રહ્યા હતા ત્યારે લોકોને તો આશ્ચર્ય અને રમૂજ જરૂર થયું હતું પણ ટ્રાફિક પોલીસ પણ અવઢવમાં મુકાઇ ગઇ હતી કે આ

અનુસંધાન **પાના નં ૫** પર

સંજોગોમાં નહી અપાય એ નિર્ણય લેવાયો હતો. આવતીકાલે બંને પક્ષના નેતાઓ ફરી મળશે અને ત્યારબાદ ગઠબંધન અંગે વિધિવત જાહેરાત થાય તેવી સંભાવના છે. એનસીપી છેલ્લી ઘડીએ પણ વાવ-બાપુનગર અને લીંબાયત પૈકી કોઇપણ એક બેઠક મળે તે માટે જોર લગાવશે.

## સર્વિસથી કંટાળી

કૃત્યને ટ્રાફિક ભંગનો કાયદો લાગે કે નહી ? કાર પર જસ્ટ થિંકનું બેનર લગાવીને બિઝનેસમેને લોકોને વિચારતા કરી દીધા હતા. આ અંગે કુમુદ પટેલે જણાવ્યું કે જુલાઇ-૨૦૧૧માં મર્સિડીઝ ઇ-૩૫૦ રૂા.૬૦ લાખમાં ખરીદી હતી. તે સમયે મને કંપનીના અધિકારીઓ દ્વારા ખાતરી અપાઇ હતી કે ગાડી જેટલી કમ્ફર્ટ અને લક્ઝુરિયસ છે તેટલી જ કમ્ફર્ટ અને લક્ઝુરિયસ આફ્ટર સેલ સર્વિસ પણ મળશે. જો ગાડીમાં ફોલ્ટ આવશે તો ૧૫૦ કિ.મી. વિસ્તારમાં તમને ટેક્સી સર્વિસ મળશે અને ગાડી રિપેરિંગમાં ૩ દિવસથી વધુ સમય થશે તો થ્રી સ્ટાર હોટલનું પેકેજ મળશે અને તેથી વધુ સમય લાગશે તો ગાડીને ફ્લાઇટમાં કંપની મોકલવામાં આવશે અને ફ્લાઇટમાં પાછી લવાશે. આ વાયદાને સાચા માનીને મેં મર્સિડીઝ ઇ-૩૫૦ ખરીદી લીધી. જેના બે મહિના બાદ અમે વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે પરથી પસાર થતા હતા ત્યારે વરસાદ ચાલુ થતાં મેં વાઇપર ચાલુ કર્યુ. અને થોડી જ વારમાં વાઇપર તૂટી જતાં મને આશ્ચર્ય થયું એટલે મેં સેલ્સ ઓફિસરને ફોન કર્યો તો તેણે મને ટોલ ફ્રી નંબર પર ફરિયાદ લખાવવાનું કહ્યું. થોડી વારમાં સર્વિસ સ્ટેશનમાંથી ફોન આવ્યો અને કહ્યું કે અમે ટેક્સી સર્વિસ મોકલીએ છીએ. જે તમને ૫૦ કિ.મી સુધી છોડી દેશે. એટલે મેં વિનંતી કરી કે ૫૦ કિ.મી. માં વડોદરા નહી આવે અમને વડોદરા સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરો, તો મને આશ્ચર્યજનક જવાબ મળ્યો કે તમે એક કામ કરો કે ટેક્સી ડ્રાઇવર સાથે સેટિંગ કરી લેજો. બીજી સલાહ આપી કે વાઇપરમાં રૂમાલ બાંધી દેશો તો પણ ચાલી જશે. આને મહિનો થયો છતાં વાઇપર બદલાયું નથી. વારંવાર ફરિયાદ બાદ સાઇઝ કરતા મોટું વાઇપર નાંખી દેવાયું. વળી ફરિયાદો કરતા ગાડી સર્વિસ સ્ટેશન પર લઇ જવાઇ જ્યાં તેઓની ભૂલથી ગાડીનું ટાયર ફાટી જતાં તેઓએ મને ૪ દિવસ સુધી ફોન જ ના કર્યો આખરે મને ટાયર અંગે જાણ થતાં મેં ટાયર બદલીને ગાડી પાછી મોકલવાનું જણાવતા બીજા ૪ દિવસ બાદ ગાડી આવી. આટલું ઓછું હતું તેમ બીજા બે ટાયરમાં સમસ્યા ઊભી થઇ છે અને ફરિયાદો ચાલુ છે. કોઇ ગાડીની સમસ્યા ઉકેલતું નથી. કંટાળીને મેં કંપનીઓ દ્વારા અપાતા ખોટા પ્રલોભનો સામે લોકોને ચેતવવા આ યુક્તિ અજમાવી.આજે અમે ગાડીની આગળ ૬ ગધેડા જોડી દીધા છે અને ગધેડાઓ મર્સિડીઝ ઇ ક્લાસને ખેંચીને શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી રહ્યા છે.

## ચાલુ સભામાં

હતી. આ માટે લાઉડ સ્પીકર પણ ગોઠવવામાં આવ્યા હતા. આ મિટિંગ ચાલતી હતી અને ભરત બારોટ ભાષણ કરતા હતા એવામાં ઓચિંતા જ પોલીસ પેરા મિલિટરી ફોર્સ સાથે તેમજ કલેક્ટર કચેરીની ટીમ કેમેરામેન સાથે આવી પહોંચતા બારોટ ત્યાંથી સભા છોડીને નાઠા હતા. આ ઘટના બની ત્યારે રાત્રિના સાડા દસ વાગ્યા હતા. આ અંગે તપાસ કરતાં જાણવા મળ્યું કે, શાહપુરના